THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

૪૪૫

# જૈન મંગળ ગાયન સંગ્રહ.

## ભાગ ૨ જો.



પ્રસિદ્ધ કરનાર જૈન મંગળજ્ઞાન મંડળી.

સને | કીમત ૩ આના. | ૧૮૯૦.

ધી એંગ્લો ગુજરાતી એન્ડ વર્નાક્યુલર પ્રેસમાં છાપ્યું છે.

૪૪૮૫

# જૈન મંગળ ગાયન સંગ્રહ

ભાગ બીજો

## કવિ રવજી દેવરાજ કૃત મંગળ ચોવી-સીના સ્તવનો.

### ખંતેથી નમીતને અંતે વિનવીયે એ રાહ, ની સ્તુતિ.

દેવાદિ દેવ તને પ્રેમથી નમીએ, જગદીશ, જગદીશ, જગદીશ, જગદીશઃ તુંજ, તુંજ, તુંજ, તુંજ ॥ એ ટેક ॥ તારી વાણી અતિ સારી; અભય તણી દેનારી ॥ મુક્તિ બતાવનારી; ભવ થકી તારનારી ॥ કાનને લાગેછે પ્યારી, દેવ નર મોહયા જારી ॥ આશા-રયને દૂર વારી; સુણો ભવિ હિતકારી ॥ અમૃત રસ અનુ હારી ॥ શાંતિને મંગળ કારી ॥ મિથ્યા મદ દળનારી; સારી સારી એતો સારી તુંજ, તુંજ, તુંજ; તુંજ, ॥ દેવાદિ ॥

### રાજીંદર રીમ ઝીમની રાહ.

આદીશ્વર દેવ સેવ લીન લીન તનનનન; દેવાધિ દેવ વર નિત્ય માનના સબસે જ્ઞાની ॥ આદી ॥ લાગી ધુમ લાગી ધુમ તનનનનનન; જરા જરા ધ્યાના જિગર મિલાના, થિર મન ધર જિન ગાએ બજાએ,

મૃદંગ બજાયા કિડકિડધા કિડકિડધા કિડકિડધા જટપટ લીના કિડકિ-ડધા, હત્થા ઠમકત પ્રસન્ન પ્રણમત પગ શિરે રવિ ખડે પગ ધર પડે જિનપા ॥ આદિ ॥

## પીયાકે ચિત્રબન પ્રીતમ ની ઠુમરી.

અજિત જિણુંદ અજિત અરિદળને; પ્રહ ઊઠી પ્રણમીજેજી॥ ભવ સાગર તારક શિવ દાયક; જય કર નામ જપીજેજી ॥અ૦ ।૧॥ આ સંસાર રૂપી મેદાને; મોહરાય મહા બલિયોજી ॥ કર્મ સેનાપતિ સાથ રહીને; ઝુઝેછે ગહ ગહિઓજી ॥ અજિ ॥ ૨ ॥ બ્રમ્હા વિષ્ણુ મહેશ હરાવ્યા; એ મોહ રાગે રણમાજી ॥ ઇંદ્ર ચંદ્ર સહુ એ વશ વર્ત્તે; ત્રિજગ સ્વીકારે આણજી ॥ અજિ ॥ ૩ ॥ એ રિપુ શાથે બાથ ધરીને; અજિત જિણેશ્વર ઊભાજી ॥ દિવ્ય શકિતને ઉગ્ર પરાક્રમ; ઉગ્ર ઊમંગે જૂજયાજી ॥ અજિ ॥ ૪ ॥ ક્ષણભર મોહ ટકયો નહી રણમાં; પ્રથમ પ્રહારે નાઠોજી ॥ અજિત જિણંદને અજિત ગણીને તેહ બન્યો અતિ બાઠોજી ॥ અજિ ॥ ૫ ॥ પુનરપિ જિમ તિમ કરી જબ લડવા; આવ્યો અજિતની પાસેજી ॥ અજિતે અતુળ પરાક્રમ દાખવી ઠાર કર્યો દળ સાથેજી ॥ અજિ ॥ ૬ ॥ એ રીતે મોહ રાય હણીને; અજિત બન્યા જિનરાજજી ॥ કવિ રવિ બોલે મંગળ રોળે; સત્ય સ્તુતિ તસ આજજી ॥ અજિ ॥ ૭ ॥

## ચંદ્ર મુખીએ એકલી. રાગ ભૈરવી.

સંભવનાથ સ્વામીને; પ્રણમું હું પ્રેમે કરી ॥ મોહની જાલ તોડવા; જિનનું સ્મરણ કરું સહી ॥ સંભ ॥ ૧ ॥ ધન્ય હવેછે જીવવું; ધન્યજ ફરવામાં સહી ॥ જગ નાયક જિનરાજને; ભેટયો

આજે અહીં ॥ સંભવ ॥ ૨ ॥ ચંદ્ર વદન જિન તારૂંઆ; નિરખી હર્ષ થાયે અતિ ॥ ચંદ્ર મુખી ચિત્ત નાગમે, દુખ દેનારી તે સહી ॥ સંભ ॥ ૩ ॥ પ્રીતિ લગાડી આપમાં, કવિ રવિ બોલે પ્રેમથી ॥ નિત્ય તમારી સેવના; કરતાં મંગળ નેમથી ॥ સંભ ॥ ૪ ॥

## આ ફુલવાલી પરી દેખલો જરી.

અભિનંદન જિન વિનવું જરી; ધરી ધ્યાન પુટી ॥ ચિંતાસે છુટ કરી, વરિહું વીનવું જરી ॥ એ ટેક ॥ તાર મુઝે તાર આ ઘડી, દેવાધિ દેવ ॥ નહિતો બુડું છું ફરી, વીનવું જરી ॥ અભિ ॥ ૧ ॥ કોટિવાર પ્રીત ધરી, અન્ય દેવ સાથ ॥ થાકો ભવોથી કરી, વીનવુ જરી ॥ અભિ ॥ ૨ ॥ એકવાર પ્રીત ધરી, દેવ તુજ સાથ ॥ થાઊ સુખી હું રવિ, વીનવું જરી ॥ અભિ ॥ ૩ ॥

## કોઈ હાલ કહો જાકે; રાગ આશાવરી.

શ્રી સુમતિનાથ સ્વામી, દીશે નહી આપવીશે ખામી ॥ એ ટેક ॥ કહાં વસોછો આપ અબ, ઔર કહા થશે મેલાપ ॥ કયારે મલીશ તમ સાથ; એહજ મન જાપ, કરૂં દિન રાત ॥ શ્રી ॥ ૧ ॥ જયાં જાઊં ત્યાં રૂદયમાં તુમ, દર્શન ચિંત્તા એક ॥ અવર ન સૂજે છેક; ધરૂં છું ટેક, બનું કયમ નેક ॥ શ્રી સુ ॥ ૨ ॥ જગમાં ફરતા દેવ દેવલા, અગણિત જોયાં અન્ય ॥ પણ તે નગમે મુજ મન, મુરતિ તુમ રમ્ય, જોઇ થયો ધન્ય ॥ શ્રી ॥ ૩ ॥ મળ્યો માર્ગ મળવા તણો, ખરોજ એક અત્યાર ॥ જ્ઞાન ધ્યાનમાં પ્યાર; ખરે દિલદાર, મળુ એક વાર ॥ શ્રી ॥ ૪ ॥ કવિ રવિ બોલે ભકિતથી, જિન ભેટ તમારી થાય ॥ ને એકાદ સમે જિનરાય; તમોથી મિલાય, સમંગળ થાય ॥ શ્રી ॥ ૫ ॥

## ક્યા શોહાવે રંગ્યો મેરા રંગની રાહ.

પદમ પ્રભ જિનરાજ કૃપાવંત; તેરી કૃપાસેં હોવે અતિ આનંદ ॥ ટેક ॥ માણિક જૈશી કાંતિ હે તેરી; દેખત મનમે હોત અતિ ઉમંગ ॥ પદમ ॥ થાળ ભરી પુખરાજે વધાવું; છે અનુપમ જિન-રાજ તમારા અંગ ॥ ૫ ॥ રક્ત વરણ તુજ કાયા નિરખી; રક્ત બને સબ જન મન રંગ ॥ ૬ ॥ કવિ રવિ બોલે ભકિતને રોળે; જૈન; મંગળ ગુણ ગાવે હે તુજ ચંગ ॥ ૫ ॥

## કોઇ રબકી મરજી ક્યા જાને; રાગ ભેરવી.

શ્રી સુપાર્શ્વનાથ જગ તું દેવા; દુર્લભ તારી જગમાં સેવા ॥ મન વંછિત ફળને મેળવવા; સહુ કોઇ નમે તુજને દેવા ॥ ટેક ॥ ઇંદ્રાદિક કર જોડી ઉભા; ચંદ્રાદિક તુજ જશથી ખોભ્યા ॥ કિન્નર ગણ ગાન કરી શોભ્યા; યોગીશ્વર ધ્યાન ધરી લોભ્યા ॥ છો આપ અગોચર દેવખરા; કરૂણા રસ અમૃત નાજ ઝરા ॥ શ્રીસુ ॥ ૧ ॥ તુજ નામ જપે સુખ થાય સદા; તુજ નામ જપે દુઃખ થાય અદા તુજ નામ જપે જન જે ઉમદા; સહી ધન્યજ તેહ ગણાય તદા ॥ કવિ રવિ ઇચ્છે જિનરાજ કદા; મુજ મંગળથી ખુલશે પરદા ॥શ્રી॥

## નબોલો તારા તારા એ રાહ.

શ્રીચંદ્ર પ્રભ સ્વામી; છો સત્ય નાજ કામી ॥ એ ટેક ॥ એ મો-ક્ષ પંથ ગામી; ખરેજ અંતર યામી; અપાર જ્ઞાન પામી ॥ શ્રી ॥ ચંદ્રછે કળંક નામી સૂર્યછે અગ્નિ સમાની ॥ આપતો હમેશ અ-ભિરામી; ખરેજ અંતર યામી; અપાર જ્ઞાન પામી ॥ શ્રી ॥સાંખી॥ છો ખરેખરા જગતમાં; આપ એકજ દેવ ॥ અન્ય બધા અજ્ઞાનછે;

બોલું સત્ય અવાજે ॥ સત્ય દેવ દેખીયે; વિચાર રૂપ આંખશો॥ જુઠ દેવ છેકિએ; વિવેક રૂપ નાખસે ॥ સ્વામી ॥ શ્રી ॥ ૧ ॥ અ- ખૂટ જ્ઞાન પામી; દુખ જાળ દુર વામી ॥ બન્યાછો ખરેખરા અ- કામી; ખરેજ અંતર યામી; અપાર જ્ઞાન પામી ॥ શ્રી ॥ સાંખી॥ નિત્ય પ્રભાતે તત્પર થઇને; કરીશ તમારી સેવ ॥ મન વંછિત મા- રા સહી; થાસે પૂરણુ આજે ॥ ચંદ્ર પ્રભ દેવ એક; નિત્ય ઉઠીને સેવીએ ॥ કહે દાસ રવિ છેક મંગળ વધાવીએ ॥ સ્વામી શ્રી ॥૨॥

## છોડી બામનકી, નીચ્યાલનો કેરબો.

સુવિધિ જગનાથ; મૂરતિ તમારી મન મોહનછે એ ટેક ॥ શાંત અરૂ કાંતછે, નેત્ર તાહરા; દેખત શીતળ થા અંગ માહરા ॥ સુ ॥ અમૃત ઝરે છે તુજ અંગ સઘળે; ઇંદ્ર ચંદ્ર તણા મન દે ખી પિગળે ॥ સુ ॥ ધન્ય આજ સાંજછે પ્રભુ દીઠ જીહાં; દુઃખ ચ- કચૂર થયા સર્વ અમના ॥ સુ ॥ કહે કવિ રવિ હાથ જોડી એ શિરે દયો જિન મંગળ મય સુખ સૌને ॥ સુ ॥

## કાહા તુમારી દુપટીઆ, રાગ કાફી.

॥ સાંખી ॥ શીતળ જિનરાજ; વંદું વારંવાર ॥ શીતળ દ્રષ્ટિ જે હની; ઝરે અમૃતની ધાર ॥ નામ જપે છાતી ઠરે; સુજની આજ અપાર ॥ શીતળ હજુર સબ દેવ; બને કંગાળ ॥ દશમ જિનરાજ નમો સહુ આજ ॥ થસે સુખ સાજ; જશી દુખ દાજ ॥ તુજ સિ ધ્ધ થશે સહુ કાજ; નમો પ્રીતિ ભાજ ॥ દશમ ॥ ૧ ॥ સાંખી ॥ અપાર આ સંસારમાં; ભમતા ભમતા આજ ॥ દેવ અનુપમ ભે- ટીયા; સર્યા અમારા કાજ ॥ ભકિત ધરૂં જિનરાજમાં; પામુ અવિ-

ચળ રાજ ॥ કવિ રવિ ઉચ્ચરે પ્રેમથી; મંગળ મય આવાજ ॥ દ-શમ ॥ ૨ ॥

## મરૂંછુ વેરી હાથથી, રાગ બેહાગ.

ધન્ય ધન્ય દેવ શ્રી, શ્રેયાંશ જિનરાજ ॥ શ્રેય મય, મૂરતિ તારી, છે ખરી અગાધ ॥ ધન્ય ॥ ૧ ॥ ધન્ય તારા જાશ કુખ, અવતર્યા જિણંદ ॥ ધન્ય ધામ ઠામજ્યાં, કર્યા તમે મુણીંદ ॥ ધન્ય ॥ ૨ ॥ ધન્ય તેહ કાળ અરૂ, ધન્ય તેહ લોક ॥ જ્યાં જિનેંદ્ર તારી ભેટ, પામતા સુ લોક ॥ ધન્ય ॥ ૩ ॥ મોહ મદત્ર ચૂરી, ચકચૂર, કર્યા કર્મ ॥ ભવ્ય જન તારવાને, તેં ચલાવ્યો ધર્મ ॥ ધન્ય ॥ ૪ ॥ શ્રેય રૂપ દેવ તારૂં, નામ જગ માહીં ॥ શ્રેય કરે સેવકના, જપતાં ઊછાંહી ॥ ધન્ય ॥ ૫ ॥ કરે રવિ ભવ્ય પ્રેમ ધારી આ ઉચાર ॥ કરો જિ-નરાજ, અમ, મંગળ અપાર ॥ ધન્ય ॥ ૬ ॥

## હજારો મેરે કાનકે મોતી એ રાહ.

દોય જનો જોવે, જગતમે દેવ ॥ એ ટેક ॥ કંચન કામિની, જાશ નહોવે; દેવ ખરેખર તેજ ॥ દોય ॥ ૧ ॥ એક કહેછે, બ્રમ્હ બડાહૈં; બીજો કહે, બુરી તસ ટેવ ॥ દો ॥ ૨ ॥ છે તબ કૃષ્ણ, હમારા મોટા જિશકી કરે સબ સેવ ॥ દોય ॥ ૩ ॥ બીજો કહે નહીં એહ બરોબરં ગોપી શું રમતા જેહ॥ દોય ॥ ૪ ॥ તબતો શંકર, દેવ ખરાહેં જિસકું કહે મહાદેવ ॥ દોય ॥ ૫ ॥ નહિરે ખરાહૈ, શંકર દેવા; પા-ર્વતી પ્રીતમ એહ ॥ દોય ॥ ૬ ॥ કૌન કહો તબ દેવ નમીએ; સુન-વાસ પૂજ્ય જિનેસ ॥ દોય ॥ ૭ ॥ કંચન કામિની, ત્યાગીહે જિ-નને; શાંતાકાર હમેશ ॥ દોય ॥ ૮ ॥ કહે કવિ રવિ, રવિ ઉગતે, કીજે, મંગળ મય તશ શેવ ॥ ૯ ॥

## હમકુ છાંડ ચલે બન માધુ એ રાહ.

વિમળ જિનેસર, છો પરમેશ્વર ॥ ઇશ્વર પદનો, અર્થ ધરીને ॥ એ ટેક ॥ઇશ ધાતુ પરવર પત્યવસે; ઇશ્વર શબ્દ બનેજ સહીરે । સત્તા ઉત્તમ જિનકી જગમે; તેતો આપજ એક અહીંરે ॥ વિ ॥૧॥ ધર્મ તણું જગરાજ જમાવી; વિમળ કર્યાં બહુ લોક સુખીરે ॥ જગ રચનાકી, ચિંતા છોડી; પરમાનંદ, વિષેજ રહીરે ॥ વિ ॥ ૨ ॥ જન સુખ દુખ, ર્કતા કર્મેશ્વર, તેતોછે, જંજાલી સહીરે ॥ સોબત મેલી ઉશકી આપે; કહે રવિ તું જિનશ્રેષ્ટ સહીરે ॥ વિ ॥ ૩ ॥

## બદલ ગયે નેનારે, કલીગડાનો દાદરો.

વદન સૌમ્ય, તેરે; બહુ સુખ દાઇ રે ॥ વદન ॥ ટેક ॥ દેવ અનંત નિરંતર અંતર, ધ્યાન ધરૂં તુજ સ્વામીરે ॥ વદન ॥ ૧ ॥ કર્મ દ-વાનળ; શાંતિ જળે કરી શાંત કરૂં ક્ષણ માંહિરે ॥ વદન ॥ ૨ । મોહ ગજેંદ્ર; વિવેક મૃગેંદ્રે પાડું આપ પસાએરે ॥ વદન ॥ ૩ । આશા શાકિની માયા ડાકિની; નહિ દુખ દે મુજ કાંઇરે ॥ વદન ॥ ૪ ॥ અંત વિનાના દેવ અમારા, દુનિયાના આધાર રે વદન ॥ ૫ ॥ કહે કવિ રવિ છો આપ ખરેખર, અનંત જ્ઞાનાકારરે ॥ વદન ॥ ૬ ॥

## આ જગમાં સુખ ભોગવવાની એ રાહ.

ધર્મ જિનેસર ધર્મ તમારો, ખરેખરો વરતે સારો ॥ સુણતાં, ભ-ણતાં, કરતાં, ધરતાં, પવિત્ર સુખનો દેનારો ॥ ધર્મ ॥ ૧ ॥ સત્ય બોલવું દયા પાળવી; શીળ રત્નને સંગરવું.॥ સમતા, રમતાં, મ-મતા, દળતાં; સુધ્ધ ચિત્ત નિત્યે ધરવું ॥ ધર્મ ॥ વેદે વાકય મળે

નહિ એવા; કુરાનકી તાકાત જશી ॥ ઠરીને, ઠરીને, ઠરીને, નિરખ્યા, તમના મતમા એજ નકી ॥ ધર્મ ॥ ૩ ॥ તત્વ વિનાના સઘળા પોથા, પોથાછે કપટી ચોખા ॥ કવિએ, રવિએ મનમાં ધરિએ, મંગળ મય તુજ ધર્મ સદા ॥ ધર્મ ॥ ૪ ॥

## સાંભળો માત પીતા સુખ દાઇ; રાગ પીલુ.

શાંતિ જિનેસર, મૂરતિ તારી; હૃદય હરેછે, અમના જારી ॥ટેક॥ શાંત સુધાકર, તુલ્ય વદન તુજ; નિરખત આનંદ, થાયેજ ભારી ॥ શાં ॥ ૧ ॥ દેહ થકીછે, આતમ જુદો; નિઃ સંશય એ વાત ગણાઇ ॥ શાં ॥૨॥ આતમના, ઉધ્ધારણ કાજે; ધર્મ કરાએ, છે સુખ દાઇ ॥ શાં ॥ ૩ ॥ તેહ ધર્મના, સત્ય પ્રકાશક; છોજ ખરેખર તુમે સ્વામી ॥ શાં ॥૪॥ શાંતિ મય તમ નામજ સાધે; શાંતિ સહુની આ જગમાંહી ॥ શાં ॥ ૫ ॥ ભવ દવ દાહ, થકી હું દાજ્યો; તુમ ચરણેહું, આવી લાગો ॥ શાં ॥ ૬ ॥ કૃપા કરી જિન, શાંતિ કરે મુજ, કહે રવિ મંગળ મુજ જાગ્યો ॥ શાં ॥ ૭ ॥

## દુર દુર ઓનારી નાકારી એ રાગ.

ધાર ધાર, આતમ અત્યાર આલસ ઊતાર ધ્યાન ધ્યાન ॥ ટેક ॥ કુંથુનાથ, ભગવાન, સ્મર તું સદા ॥ લે ન અન્ય દેવનામ સ્વપ્નમાં કદાં ॥ કરમ હરણુ કરણુ એ જિન જપ હમેશ કરી મન સ્થિર; પ્રાતકાળ તું વિચાર ॥કુંથુનાથ ભગવાન, રવિ એક ધ્યાન ॥ધારા॥૨॥

## મેતાજીરે શું મહી મુલ બતાવું, એ રાહ.

અર જિનજીરે દિલમાં નિત્યે ધ્યાવું; પ્રેમે કરી, નીત્ય વધાવું ॥

મળશે નહીરે, વળી સુસમય આવું; લઇપશું આજોં હું લાવું ॥ ઝુલ ॥ જુગતીથી, પુજા રચાવું; મન અન્યે, નહીં લલચાવું ॥ પૂજયા કેડે સહી ખાવું; દિન રૂડોરે, હું ગણીશ આજે આવું ॥ પ્રેમે ॥ ૧ ॥ જય જીનવર શ્રી અર દેવા; તુજ સેવ કરે સહુ દેવા ॥ રવિ બોલેરે પૂર્ણ ઊમંગે ॥ દયો મંગળ સઘળે સંઘે ॥ પ્રેમે ॥૨॥

## હવે સમજયોછુ બધી વાત પાપી લઈએ રાહ.

નમો નિત મલ્લી જીન ભગવાન, જલદી ઝટપટ કરીરે ॥ સૌ કર્મ કરો નીર્વાણ; જલદી ઝટપટ કરીરે ॥ ૧ ॥ મોહ અરી હણી મહા બળવાન ॥ જલદી ॥ આલસ્યને નિંવારી તમામ ॥ જલદી ॥૨। દુષ્ટા આશાનો કરી અપમાન ॥ જલદી ॥ ૨ ॥ મલ્લી જિનન કરો ગુણ ગાન ॥ જલદી ૩ ॥ સ્મરો નિત્ય ઊગંતે ભાણ ॥ જલદી॥ રચ્ચો સુંદર પૂજા ઉપચાર ॥ જલદી ॥ ૪ ॥ અંતે એજછે ખરો આધાર ॥ જલદી ॥ કવી રવી મંગળ ઉચાર ॥ જલદી ॥ ૫ ॥

## અવર મદન અલબેલો રાગ આશા ગોડી.

મુનિસુવ્રત જિનરાયા; એતો દીઠા મુનિ સુવ્રત જિનરાયા ॥ટેક॥ ભરૂચ નગરના પાવન કર્તા; જગ જાણીતા એ દેવા ॥ એતો ॥૧। પુણ્યોદયથી પામી આજે, મેં છે એ જીનની સેવ. ॥ એતો ॥ ૨ ॥ આજ લગી ભવ અટવી ભમતાં દુઃખ સહયા અતી ગાઢારે ॥એતો ॥ ૩ ॥ આજે જિનવરને પૂંજતાં, તે સર્વે ગુજ નાઠારે ॥ એતો ॥૪॥ અનુભવ અધ્યાતમ બળ યોગે, જો જિનવર પૂજીજેરે ॥ એતો ॥૫॥ સકળ મનોરથ પૂરણ હોવે રવી મંગળ પદ લીજેરે ॥ એતો ॥૬॥

## દશા આશીથઈ મારી એ રાહ.

જયો જિન શ્રી નમિ સ્વામી લહયું નામ કર્મને નામી ॥ એ ટેક ॥

સાંખી ॥ તુજ દર્શન દુર્લભ સહી, દર્શન રીતે દેવ ॥ એકવાર જો તે મલે, મળે મુકિત તતખેવ ॥ કશી રીતે રહું પામી, સુણો દેવ અંતરના યામી ॥ જયો ॥ ૧ ॥ સાંખી ॥ પુજન વીધીથી પૂજના, અમૃત-ક્રીયા પ્રમાણ, ધન્ય ધન્ય તેતો નરા, કરે ઉગંતે ભાણ ॥ થશે તે મુકિતના ગામી, સુખ સુર લોકના પામી જયો ॥ ૨ ॥ સાંખી ॥ બને નહી તેહવી ભકિત, અમથી હે પરમેશ ॥ તોપણ ઇછા ધારીએ. મનમાં તેહ હમેશ ॥ કહે રવિ દર્શન કામી, સુ મંગળ માળ આજામી જયો ॥ ૩ ॥

## પ્રીયા મારીરે, પ્રાણ થકીછે પ્યારી; કલીગડાન ઠુમરી.

નેમિ જિનરે, છો આપ બડા ઉપકારી ॥ એ ટેક ॥ યાદવ વંશ વંતંસ જિનેસર; જગત જીવ સુખકારી ॥ નેમિ ॥ ૧ ॥ કૃષ્ણ વર્ણ તુજ અંગ છતાં પણ; ચિત્ત રૂચે મુજ ભારી ॥ ને૦ ॥ ૨ ॥ આપ સમાન મલે નહી બીજું; દુનિઆ જોઇ સારી ॥ ને૦ ॥ ૩ ॥ કામ કૃષ્ણતા તુજમાં નાહી; એ ઊત્તમ મનુહારી ॥ ને૦ ॥ ૪ ॥ કહે રવિ ગૌર વિષે પણ ગૌરા; નેમિ નમો સુવિચારી ॥ ને ॥ ૫ ॥

## ખંમાચ દાદરો, જલદી લોબાવાજી લોટ.

પાર્શ્વનાથ આપ શાથ; પ્રીત ધારૂં હું અતિ પ્રીત ધારૂં હું અતિ; ન તુમ વિના રતિ થતિ ॥ એ ટેક ॥ મુખ તારૂં શાંતકાંત; જયારથી નિભાલ્યું મે ॥ ચિત્ત મારૂં આપમાં; ત્યારથી રમે રમે ॥ પાર્શ્વ ॥ ॥ ૧ ॥ ગુણ અનંત આપના; કેમહું કહી શંકુ ॥ તાર નાર આપ

એક એટલું વદી શકું ॥ પાર્શ્વ ॥ ૨ ॥ સાત ભય ટાળવાને સાત ફણ શીશ તુજ ॥ રવિ શરણ તારૂં મંગળિક રહો મુજ ॥ ૩ ॥

## અજબ નહી ઇસસોર તુમારી, એ રાહ.

શ્રી મહાવીર જિનેસર વાણી સબ દુનિયાકું તર કરતે ॥ મેઘ સમાન ગંભીર અવાજે વાદી મન થર થર કરતે ॥ સમવસરણના અંદર બેઠા; જબ જિનવર વાણી વદતે ॥ દેવ દાનવ સબ મોહિત હોકે પ્રભુ ચરણે જર જર નમતે ॥ ૧ ॥ રાજગ્રહી પાવા પુરી સાવત્થી શ્રી જિનરાજ સમો સરતે ॥ ચંપા વાણિય ગામ પ્રમુખ બહુ મગધ નગર સુંદર બનતે ॥ શ્રેણિક ચેટક મુખ્ય નરાધિપ, અભય કુમર મંત્રી સરથે ॥ સબ પ્રભુ વીરકી વાણી સુનને; આનંદસે દિલભર કરતે ॥ ૨ ॥ આનંદાદિક ઉત્તમ શ્રાવક. ગૌતમ પ્રમુખ મુનિ–વરથે ॥ સબ જિન વાણી સુનકે સુનકે ભવ અટવી અતિક્રમ કરતે ॥ જો હમ હોત વહાં ઉસ બખ્તે, હમભી પાર ઉતરહિ જતે ॥ કહે રવિ હમ ન, કીયા કછુ મંગળ જિનસે અબ ભવમે ફિરતે॥૩॥

## પ્રભૂ તારી ગતી ન કળાય એ રાહ

પ્રભુ મારા જિનવર વીર સહી દયા પૂર્ણ કરા પ્રભુ મારા ॥ટેક॥
ભારત ભૂષણ જન્મ ધરીને, આપ્યું સહુને સુખજ સહી ॥ પ્રભુ૧॥
અત્યુત્તમ જિન ધર્મ પ્રકાશી તિર્થ કરની પદવી લહી ॥ પ્ર ॥
જગમા ધમ ઘણા દેખાએ પણ હિંસા વર્જિત નકહીં ॥ પ્રભુ ॥૩॥
ધન્ય તમારૂં સાશન સ્વામી, માંસ મદિરા દુર જહી ॥ પ્રભુ ॥૪॥

મગળ મય તુજ મત હૈ પાજે રવિ સમ તેજ દીપેજ તહીં ॥ પ્રભુ ॥ ૫ ॥

## તુહી શિવ તુહી શિવ પ્યારેની રાહ રાગ કલ્યાણ

જય જિન જય જિન શાંતિ ॥ એ ટેક ॥ શરણુ અમારે, આજ તમારૂં; વારો અમની ભ્રાંતિ ॥ જય ॥ દેવ દયાળુ દયા કરી અમને, પોહોચાડો પુરી શાંતિ ભકિત તમારી, ભાવ ધરીને ॥ કરશે જે બની ખંતી ટાળી મનની ભ્રાંતિ ॥ જય ॥ ૧ ॥ તેહ અનુત્તર સુખ પામતા, જાસે મુકિતએ અંતે ॥ મૂરતિ શાંતાકાર બિરાજે ॥ ઉત્તમ તારી કાંતિ, હરે અમારી ભ્રાંતિ ॥ જય ॥ ૨ ॥ એત ॥ નિશદિન ભકિત તારી કરતાં, અનુપમ સુખમાં આતમ ધરતાં જિનવર તુજને ચરણે પ્રણમે, કવિ રવિ, મંગળ કારક વચને ॥ જય ॥

## ચા રથ હાલ ખુલ જાવે.

નિર્મલ ગ્નાન ખુલ જાશે, કર્મ સબે જયું દુર હોગા ॥ આતમ સુન હરિ, હામ સબ કામસે ॥ સુન, સુન, સુન, તુજે દોષવમ, દોષવમ,॥ ગ્નાન ॥ ટેક ॥ ચિત્તમે, મૂળસે, કામ જબ ટળશે ॥ ધ્યાન મયી અગ્નિ સેજે જળકે ॥ કામ મહા દુશમન જાન સદા બએરન ॥ શાંત મન હુએ તુમ, હરદમ જિન નમ, ॥ ગ્નાન ॥ ૧ ॥ હેતુ અનુંકૂલતા પ્રાપતિકે બળસેં ॥ અનુભવ–રસ મય તુમ ગુણ સ્ફુરશે રવિ કહે મોક્ષજ, પામ સદા નિષ્કામ ॥ શાંત મન, હુએ તમ, હરદમ, જિન નમ ગ્નાન ॥ ૨ ॥

# ઊપાધ્યાય શ્રી લક્ષમી પ્રધાનજી ગણીના શિષ્ય શ્રી મહોનલાલજી કૃત સ્તવનો

## ઐશો ધોકા દેનેવાલે મેને વિરલે એ રાહ

ઐસે પુજા કરણેં વાલે, મેનેં વિરલે, દેખે બાલે ॥ એ ટેક ॥ ઐસે જિન આગ્યાકો પાલન વાલે વિધિ સંયુકતસે રહણેં વાલે ॥ વિનયાદિ ગુણ ધરણે વાલે; ભકિત ગુણ દીખલાને વાલે ॥ પુજા ॥ ૧ ॥ ઐસે અપને જીકો સુખ પાનેકો; ગુણ ગાનેકો ગુણ પાનેકું ॥ એક ચિત્ત જિનકો ધ્યાતેહે સો, શિવ કામેકું, શિવ પાનેકું ॥ છોડી, છોડી, ભવની, બાતે, ત્યાગીહે, કુમતીકી, બાતે ॥ ધારીહે, સુમતિકી બાતે, પાલીહે, સમકિતકીં, બાતે ॥ પુજા ॥ ૨ ॥ ઐસે પુજન દ્રવ્યે, ભાવે, ફળ શિવ નગરી દેતાહે ॥ ઐસે જિન ગુણ પ્રગટે સુંદર સહુ દિલ જાણે જગ જાણે ॥ સોભા, સોભા, ભારી સોભા ॥ જૈશીહે સુરજકી સોભા જૈશીહે, ચંદ્રકી, શોભા જિશસે, અધકી, નિજ ગુણ શોભા જિશસે અધકી જિન પદ શોભા ॥ ધારો ગુણ સમ જેથી દુર હુવે ભ્રમ ॥ સહું દુર હુવે ક્રમ, જૈન મંગળ પાવે પ્રમ ॥ અજી સુણો, સીખો, ધારો આગમ, શ્રીબર, મોહન બાલે ॥ એશે ॥ ૩ ॥

## હિંડી

કયાં કહું અબ ચેત જીવ, છોડરે સંસાર સારા ॥ ટેક ॥ બહુત કરમશે નામિલે, અપના ગુણ એકી બખત ॥ તબતો શ્રધ્ધા ધારકે, ગુણ પાય દર્શન જ્ઞાન સારા ॥ કયાં ॥ ૧ ॥ પંચકારાણુસે

આમિલે, દિલ ધરે। સંજમ તરફ ॥ સંજમ લીયે ભાવશે, જબ છોડદે સબ કર્મ પ્યારા ॥ક્યા॥ ૨॥ તીન રત્ન જોતે। મિલે, દુર હુવે કુમતિ ભરમ ॥ જિન મંગળ ગુણ ગાયકે, શિવ પાય મે। હન ધ્યાન સારા ॥ કયા ॥ ૩ ॥

## મેવાડો.

નિજ ગુણ પ્યારી થારે, કારસે સુમતિસે મિલા ॥ એ ટેક॥ સુમતિ ધ્યાવું સુભ મનેરે, કુમતિ સંગ નીવાર ॥ મોહ મિ-થ્યા, મદ છાંડનેરે, દર્શન ગુણ હિતકાર ॥ નિ ॥ ૧ ॥ સુમતિ જિનેસર, સાહિબારે, તું મુંજ પ્રાણ આધાર ॥ હું સેવક હુતા હરોરે, ભવ જળ પાર ઉતાર ॥ નિજ ॥ સુર તરૂ સુર, મણી સારખો રે, વંછીત ફળ દાતાર ॥ જિન મંગળ ગુણ, ગાવતારે, મોહન ગુણ, સુખકાર ॥ નિ ॥ ૩ ॥

## બાબુ શોપો મને એ રાહ.

પ્રભૂ તારો મુઝે, આયો, સરણમેં આજ, જાણ્યા તુમ નાથજી ॥ પ્રભૂ ॥ પ્રભૂ વિશ્વ સેન, કુળ અવતારી ॥ પ્રભૂ શાંતિનાથ, પર ઊપગારી ॥ તુમ ચરણ નમું, દિલ સુખકારી ॥ પ્ર ॥ ૧॥ પ્રભૂ દેવ કરી, તુમને માનુ ॥ સહુ દેવ, સિરે તુમને જાનુ ॥ તુમ ગુણ શિવ, દાયક નહિં છાનું ॥ પ્ર ॥ ૨ ॥ પ્રભૂ અચલ અગોચર અવિકારી ॥ જિન મંગળ ગુણ, જગ હિતકારી ॥ શિવ શ્રીબર, મોહન પદ ધારી ॥ પ્ર ॥ ૩ ॥

## નજર આઇ મુઝકો અજબ મહેલકા એ રાહ.

ભજન કર અબતો, જિનંદ ગુણકા ॥ સહુ છોડ મિથ્યાત, મતકા

ભરમ ॥ ટેક ॥ ભમ્યો ભવ જલમેં, અનંતો કાલ તો કુમતિ સંગ ચેતન અસુભ કરમ ॥ ભ ॥ ૧ ॥ કિયા પ્યારે ચિહું, ગતિ નાટક ખેલ ॥ સહયા બહુ દુઃખ નપાયો ધરમ ॥ પાયો અબ દર્શન કોઇ પુન્ય યોગ ॥ પ્રભૂ ગુણ ભજ, કર રાખ શરમ ॥ ભ ॥ ૨ ॥ મિલે વાસ પૂજ્ય, જિનેસર રાય ॥ ફળે મન પંછીત, કાજ કરમ॥ ગાવે જિન મંગળ, જૈન પ્રસાદ પાવે સુખ શ્રીવર, મોહન ધરમ ॥ ભ ॥ ૩ ॥

## તોરા સચ નહી કહનારે, એ રાહ.

તોરા કથન નિભાનારે ॥ થારે નેમ ધરૂં પ્રેમ ॥ છતિયાં તરસ મોહે રતિયાં સતાવે ॥ એ ટેક ॥ સરસ દરશ, તોરો બહુત સુહાવે ॥ દેખી નયના, દિલ વરસેં ॥ શામ, શામ, શામ, મેરે સિર પર તુંહે સ્વામી, તુંહે અંતર જામી ॥ તોરા ॥ ૧ ॥ રથકો ફિરાય પિયા ગિરવર ચાલે ॥ શિવ વનિતા, લલચાનેકો ॥ પ્યારી પ્યારી, પ્યારી, તોહે દિલ શિવ પ્યારી ॥ મેં પણ દિક્ષા, લેસુ સારી ॥ મોહુ શિવ નારી ॥ તોરા ॥ ૨ ॥ નેમ રાજુલ દોનુ, મોક્ષે સિધાએ, જન મંગળ, નિત ગુણ ગાવે ॥ ધ્યાન, ધ્યાન, ધ્યાન, તોરા નિત કરે ધ્યાન ॥ પાવે શિવ, લક્ષ્મી પ્રધાન ॥ થાવે મોહન ગ્યાન ॥ તોરા ॥ ૩ ॥

## અરે મુવે છોડ મોરી બાહીરે મુરખીઆ, એ રાહ

હાંરે પતિ, અબતો સુણો, જિન વચનવા ॥ એ ટેક ॥ જિનકે વચનસેં, નિજ ગુણ પ્રગટે ॥ નારકી નિગોદ ગતિ, જાયરે સજનવા ॥ હાંરે ॥ ૧ ॥ મદકે મછરસેં બહુ દુઃખ પાયો ॥ ભમત

ભમત, ભવ રનમેં ડરનવા॥ હાંરે ॥ ૨ ॥ સુમતા કથનસે, નિજ ગુણ ચેતન ॥ જૈનકે મંગળ ગુણ, ધારરે મોહનવા॥ હાંરે ॥૩॥

## ગુણ ભરી ધુન મોરી સુન પ્યારે, એ રાહ.

ચિત્ત ધરી, સુખ કરી, સુન પ્યારે ॥ જિનંદ વચન સુખ, મધુર અમૃત સમ ॥ ટેક ॥ જિન વાણી બિન ભવ વન ભટકત ॥ કાળ અનાદિ વિચારે ॥ બહુ દુઃખ સહના જનમ મરણુકા ॥ મિથા મત સંગ સારે ॥ જિન ॥ ૧ ॥ જિન આણાશ્રુત, આગમ ધારી ॥ સફળ કરો, અવતારે ॥ પૂજન કરના, શિવ શ્રી વરના ॥ મોહન ગુણ સુખકારે ॥ જિન ॥ ૨ ॥ જૈન મંગળ નિત જિન ગુણ ગાવે ॥ નાદ ભેદ, સમ સારે નાટક કરના ભવ જળ તિરના॥ પાવે સુખ શ્રીકારે ॥ જિન ॥ ૩ ॥

## એજી સાહેબ નતીજા મીલ જાયગા, એ રાહ.

મેરે સાહેબ, જિનંદા, દિલ વસિયા ॥ સુનોરી સમકિત, ધર નારી ॥ સેવો, શિવ, શ્રીનૃપ ॥ જિનંદા ॥ એ ટેક ॥ સાખી ॥ ધ્યાન દિલમેં ધારકે સેવત વીશ થાનકો ॥ જિન નામ ઊપાયકે; ધારે અમર નિધાનકો ॥ ઊત્તમ કુલમેં, આયકે; જ્ઞાન, ત્રિકલે સાથકે ॥ ભોગ સુખ પાયકે; લીનો ચરણ પદ હાથકો ॥ કર્મ તપાઇ, કેવળ જો પાઇ ॥ સેવો, શિવ, શ્રીનૃપ, ॥ જિનંદા ॥ ૧ ॥ સાંખી ॥ કોઇ અમર આયકે; નમન કરે સુભ ભાવસેં ॥ સમવસરણ રચના કરી ચૌમુખ જિન દેખાવસે ॥ અતિશય ગુણ જિનધાર; પર્ષ દવાર પ્રકારસેં ॥ સોભિત મધુર સ્વરે; કહે ધમ વિસ્તારસેં ॥ સહુ ભવિ

સુનકે, વ્રત ગુણ પાએ ॥ સેવો, શિવ, શ્રીનૃપ ॥ જિનંદા ॥ ૨ ॥ સાખી ॥ પાર નહીં લેસકે; સુર ગુરૂ પિણ કથનસે ॥ અરિહંત પદ આદરી અનંત સિધ્ધ વતનસેં ॥ તીન ભૂવન પ્રભુ તણા; રહા ચૈત્ય અનાદિસેં ॥ શ્રીવર શિવ, સુખ પાય, ધ્યાન ગુણ પ્રસાદસેં ॥ જૈન મંગળ ગુણ પ્રભુ મોહન કર ॥ સેવો, શિવ, શ્રીનૃપ, ॥ જિનંદ ॥ ૩ ॥

## તુમ આએજો ચારૂ જવાન એ રાહ.

ધારો ધારો, જિન ધ્રમ સાર ॥ સમકિતિ જીવડા, તન મન કરકે ધારો ધારો ॥ ટેક ॥ દાન શીયળ તપ ભાવ પ્રકાશક ॥ ધર્મ તત્વ ભેદ ચાર ॥ ભલા ॥ ધારો ॥ ૧ ॥ ઇક્ષુ રસ દાન, અક્ષય ફળ કારણ ॥ શ્રેયાંસ, આદિ કુમાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૨ ॥ શીલે સુભદ્રા ચલની નીરે ॥ ચંપા ઉઘાડયો બાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૩ ॥ તપ કરી વીર, જિનંદ વખાણ્યો ॥ ધન ધન્નો, અણગાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૪ ॥ ભાવના ભાવત, કેવળ પામ્યો ॥ છિનમેં ભરત, સંભાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૫ ॥ એ સહુ ધ્રમમેં, ભાવ પ્રધાનક ॥ ગ્યાન અરથ, ભંડાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૬ ॥ જૈન મંગળ જિન, ગુણ નિત ગાવત ॥ મોહન ધ્રમ જયકાર ॥ ભ૦ ॥ ધારો ॥ ૭ ॥

## હુંશારે રાજા ચે પિંજરા નહિ તેરા રાહ.

સુનોરે ચેતન, એ જગ જાલ અશારા ॥ તું તો ભમિયો અનંત ભવ પ્યારારે ॥ ટેક ॥ ક્રોધ લોભ મોહ મિથ્યા કપટે કીનો જાલ પસારારે ॥ સુ૦ ॥ ૧ ॥ નવ નવા રૂપે ચિહું ગતિ માંહે ॥ કુટંબ અનેક પ્રકારારે ॥ સુ૦ ॥ ૨ ॥ જુઠી કાયા જુઠી માયા ॥ જુ

ઠઃ સબ, પરી વારારે ॥ સુ૦ ॥ ૩ ॥ધન યોવન મદ, મતકર પ્યારો એક દિન જંગલ ચારારે ॥ સુ૦ ॥ ૪ ॥ જિન પ્રેમ સાર દયા દાન જિન ગુણુ ॥ સેવત ગુણુ સુખ કારારે ॥ સુ૦ ॥ ૫ ॥ જૈન મંગળ ગુણુ શ્રીવર પાવત ॥ મોહન ગ્યાન પ્રકારારે ॥ સુ૦ ॥ ૬ ॥

## મેરે ગમકા તરાના એ રાહ.

પભૂ નમીકું પ્રણુામા, કરૂં હિત કામા, એક તોરા ધ્યાન ॥હે એહી સુકામા, જિન પ્રેમ નામા, કરૂં હિત કામા, એક તોરા ધ્યાન ॥ એ ટેક ॥ સાખી ॥ તું જગદીશ્વર, બ્રમ્હ હેરે; વિષ્ણુ રામ રહીમાન ॥ જગ ધ્યાવે તુમ નામકું; સહુ પાવે વંછીત દાન શિવ ધામા; ગુણુ અભિરામા; કરૂં હિત કામા; એક તોરા ધ્યાન ॥પ્રભૂ॥૧ સાખી ॥ તુંહિજ મેરા સાહેબારે; તુંહિજ જીવન પ્રાણુ ॥ મેં સેવક પ્રભૂ તાહરો પ્રભૂ અબ તારો દીલ ધાર ॥ હુઇ હરખ વધાઇ; ધરૂં તુમ ધ્યાન ॥ કરૂં હિત કામાં, એક તોરા ધ્યાન ॥ પ્રભૂ ॥ ૨ ॥ સાંખી દૂષમ પંચમ કાળ મેરે; જિન આગમ સુખકાર ધારે જે ભવી પ્રાણીયા કરે જૈન મંગળ હિતકાર ॥ દો લક્ષ્મી પ્રધાના; કરૂં હિત કામા ગુણુ અભિરામા એક તોરા ધ્યાન ॥ પ્રભૂ ॥ ૩ ॥

# સ્તુતિ

## નમો પદે ગીરજા પતિને એ રાહ.

નમો નમો શ્રી જિનવરને ॥ સંકટ ટાળે વિધ્ન નિવારે, સારે

વંછિત કાજ ॥ અષ્ટ કરમથી દૂર કરીને આપે શિવ પદ રાજ ॥ નમો ॥ એ ટેક ॥ ચઊદશમાં જિનરાજ ॥ તારણ તરણછો; આપ જહાજ ॥તારો મને આજ, કરો કાજ, મહારાજ, શ્રી અનંત જિન· રાજ ॥નમો ॥૧॥ તન મનથી હું તુજને આરાધું, સાધું વંછિત કાજ ભવ અટવીથી, ફરતા, ફરતા, આવ્યો તુમ સિર તાજ ॥ નમો ॥૧॥ ત્રણ ભૂવન, સિરતાજ ॥ આપ બિરાજો જગ જિનરાય ॥ બીજો નાવે હાય,"થાઓ શાય, સુખ થાય, તવ સહુ દુઃખ જાય ॥ નમો । મંગળ મંડલી તુજ ગુણ સંગે, રંગે મલી ઊમંગે; સૌ મળી ગાવે કેશવ ધ્યાવે, મન ધરી અતિ ઊછ રંગે ॥ નમો ॥ ૨ ॥

## કરઆયાં તુ હમશેં જાયગા કહા એ રાહ.

શ્રી જિનેશ્વર દેવ મોહે તાર તાર ॥ એ ટેક ॥ તાર તુંતો તાર મોએ પાર તું ઉતાર ॥ પાર પાર પાર પાર પ'ર તું ઉતાર ॥ વાર વાર વાર વાર વાર તું આવાર ॥ શ્રીજિ ॥ ૧ ॥ વિનતી કરું ભવસે તરું હું છું, તારો દાસ ॥ માન માન માન પ્રભૂ વિનતી મોરી માન ॥ સાર સાર સાર સાર કાર્ય સહુ સાર ॥ શ્રીજિ ॥ ૨ ॥ ગીત ગીન તાન માન ધ્યાનથી આવાર ॥ કેશવ મંગળ ગાય ગુણ જ્ઞાન ॥ ધ્યાન ધ્યાન ધ્યાન ધ્યાન ધ્યાન છે અપાર ॥ શ્રીજિ ॥ ૩ ॥

## જાનેહે ઘર છોડો દીઘર લંગરવા, એ રાહની ઠુમરી

ચાલોને ભવિ જિન વંદન કરનવા ॥ એટેક ॥ સોહની સુરત મોહની મુરત ॥ નિરખીત, હરખીત, થયું મન માહારૂં ॥ ચાલોને

જિન વંદન કરનવા ॥ ચાલો ॥ ૧ ॥ મંગળ જિન પદ અનંત જિનેશ્વર ॥ કેશવ સમરણ, કરત તમારૂં ॥ જિન ॥ ૨ ॥

## હવે છેક બની લાચાર એ રાહ.

વિનંતી ધરજો, અમારી ધ્યાન ॥ વિનંતી ॥ છયે અમે, અજ્ઞાન ॥ વિનંતી ॥ એ ટેક ॥ સાખી ॥ તુમ દરિશણને કારણે; આવ્યા મંદીર આજ ॥ અરજી હમારી શાંભળી; કીજે પૂરણ કાજ ॥ વિનંતી ॥ ૧ ॥ સાખી ॥ પ્રભૂ મુખડું બહુ દીપતું; જોતાં મન મલકાય ॥ પલ એક પ્રભૂને સમરતાં; બહુ ખુશાલી થાય ॥ વિનંતી ॥ ૨ ॥ સાખી ॥ જૈન મંગળ મંડલી કહે; વિનંતો અમારી સાર ॥ દયા આણી દીલ વિશે; ચડો અમારી વાર ॥ વિનંતી ॥ ૩ ॥

## આમ વિચાર વિના શું બોલે, રાગ શીહાનો કાનડો.

અબ તોરે પ્રભૂજી તુંહી હમારો ભવ ભય દુઃખસે, તું તારણ હારો ॥ એ ટેક ॥ તુંમકું છોડ ઓરનકું ન ધ્યાવું ॥ એકહી સરણ તુમારો હે પ્યારો ॥ ભવ ॥ ૧ ॥ તુમેરે ચરણમેં, જો ચિત્ત લગાવું ॥ જો માગુ શો ફળ, દેહન હારો ॥ ભવ ॥૨॥ જૈન મંગળ કહે સુખ સંપત લહે ॥ તુંહી પાર ઊતાર ન હારો ॥ ભવ ॥ ૩ ॥

## સજન મુખડા બતલા જારે એ રાહની ઠુમરી.

પ્રભુજી મોહે દરશ દીખાઓરે ॥ શ્રી આદીશ્વર, જિનરાજ આજ ॥ મોહે ॥ એ ટેક ॥ માહા મંગળ મુક્તિ પદ પામી ॥ શું વિસર્યા,

સેવકને સ્વામી ॥ અગમ અગોચર, અંતર જામી ॥ શીદને લલચાવોરે ॥ પ્રભુજી ॥ ૧ ॥ સાહેબ સેવક, અરજી સ્વીકારો ॥ શિવ પદ આપી સુજશ વધારો ॥ કેશવ જૈન, મંગળ તારો ॥ જિન બુડતા બચાવોરે ॥ પ્રભુજી ॥ ૨ ॥

## ભેરવ દાદરો.

ઉઠો ચેતન ભોર ભઇ, શ્રી જિન ગુણ ગારે ॥ આળશ તજો અંગશે પ્રમાદકું બિસારે ॥ એ ટેક ॥ નિત એક ધ્યાનસે, અનંત ગુણ ગાવે ॥ કયું વાકે ટારે પ્રભૂ દુઃખકો નિવારે ॥ ઊઠો ॥ ૧ ॥ કામ, ક્રોધ મોહ લોભ, હ્રદયસે નિકારે ॥ કર્મ વાકે દુર કરી, ભવસે પાર ઉતારે ॥ ઊઠો ॥ ૨ ॥ એક તોરો નામ પ્રભુ, સચોહેં હમારે ॥ કેશવ તોરો દાશ જિન, મંગળ વધાવો ॥ ઊઠો ॥ ૩ ॥

## બાગોમેં ફિરનેકું ચલોરે સાહેલી આ એ રાહ.

સબ મીલ પૂજન, ચલોરી ભવિઆ ॥ જિન મંદિરકું જાયરી ॥ એ ટેક ॥ જાઇ જુઇને, ચંપો ચેમેલી ॥ સેવંતિ ફુલ ગુલાબ હેરી ॥ સબ ॥ ૧ ॥ અનંતનાથકી આંગી રચાકે ॥ આનંદ અતિ દિલ થાય હેરી ॥ સબ ॥ ૨ ॥ સબ સુરનશું, જૈન મંગળ સબ ॥ પ્રભુજીકી પુજા રચાએ હેરી ॥ સબ ॥ ૩ ॥

## દયા કરે ભગવાન એ રાહ. (આશાવરી રાહ)

નહી અબ તેરા કોઇ આતમ ॥ નહી અબ તેરા કોઇ ॥ એ ટેક॥ છોડદે પરપંચ અપને દીલશે ॥ પાખંડ પાપકું તોડી ॥ આતમ ॥

૧ ॥ મોહ માયામે, મત લપટાઓ ॥ કુમતા કુટીલકું છોડી ॥ આતમ ॥ ૨ ॥ અનંતનાથજીકો, સમરણ કરલે ॥મંગળ સબ તુજ હોઇ આતમ ॥ નહી ॥ ૩ ॥

## કયા શોહાવે રંગજો એ રાહ.

ધ્યાનસેં પ્રભુ ધ્યાવું, મેં તેરો નામ ॥ તેરો નામ ધ્યાવું ધર્મ જિનેશ્વર ॥ એ ટેક ॥ અષ્ટ કરમમાં હું અવટાણું ॥ જાણ્યુ ન જગજન, તારક તેરો નામ ॥ ધ્યાન ॥૧॥ મોહ માનમા હું લપટાણું॥ આણ્યું ન, જગજન તારક તેરો નામ ॥ ધ્યાન ॥ ૨ ॥ પુન્ય પ્રેભાવે દરશ હું પામ્યો વામ્યો સકળ દુખ લેતા હો તેરો નામ ॥ દયાન ॥ ૩ ॥ અરજ કરૂં હું આજ ઉમંગે ॥ રંગે રહું રટુ મંગળ તેરો નામ ॥ દયાન ॥ ૪ ॥ કહેત ટોકરશી ભાવના ભાવું॥ નાવું ચોરાશીમાં ફરી એ કરો કામ ॥ દયાન ॥ ૫ ॥

## સોહાવે સખી આજ વલી શીરતાજ એ રાહનો ઠુમરી.

સુભાવે સેવું, પદમ પ્રભુ મહારાજ ॥ પદમ પ્રભુ, મહારાજ ॥ સુભાવે ॥ અચળ અભેદીરે અકળ અવેદીરે ॥ ભવ જળ, તારણ જહાજ ॥ સુ ॥ ૧ ॥ અમલ અછેદીરે, અગમ અખેદીરે ॥ નિરમમ મમ, સિરતાજ ॥ સુભાવે ॥ ૨ ॥ પર ઉપગારીરે, વાણી તુમારીરે ॥ શિવ પુરના સિરતાજ ॥ સુભાવે ॥ ૩ ॥ જય જય કારીરે, જાઊ બલીહારીરે ॥ જય જય શ્રી જિનરાજ ॥ સુભાવે ૪ ॥

કહેત ટોકરશી, તુમ પદ ફરશી ॥ મંગળ સો મુજ કાજ ॥ સુ-ભાવે ॥ ૫ ॥

## હમશે નબોલો શાવરીઆ દેશ ઠુમરી.

શ્રી શ્રેયાંશ જિનેસર ગાવા ગુણ મન મારોરે ॥ પ્રભુજી પરમાતમ, પરમેશ્વર, જગત્રાધારોરે ॥ શ્રી ॥ ટેક ॥ જય જય અરિહંત અષ્ટ કરમ જીત ॥ અષ્ટા દશ દુષણથી વર જીત ॥ પાત્રીશ વાણી ગરજીત, પર ઊપગારોરે ॥ શ્રી શ્રે ॥૧॥ અનંત જ્ઞાન દરશનથી ભરેઆ શ્રદ્ધી ચારિત્ર અનંત ભય હરેઆ ॥ વરેઆ શિવ વધુ શાથ, નાથ સુખકરોરે ॥ શ્રી ॥ ૨ ॥ તીન તત્વશે કરી શગાઇ ॥ જી અંવરમે, મુકિત પાઇ; અવર ન કાઇ ભવશો વિચારોરે ॥ શ્રી ૩ ॥ કહે ટોકરશી, હરખી પરખી; મગળ કારી મુરત નિરખી, વંદું વારંવાર દાસ હું તારોરે ॥ શ્રી ॥ ૪ ॥

## નહોએ હમશે રહું સદા ખુશી જમ જમશે રાહ.

અનંત જિન તુમશે; કહું કર્મ કથા મેરી મનશે, કીયા વલી તનશે ॥ અનંત ॥ ટેક ॥ જીવ દયા, દીલમે, નવી ધારી ॥ મરખા બોલ્યો વચનશે ॥ અનંત ॥ ૧ ॥ અદત દાન તેમ, મૈથુન માહી ॥ લીન થયો, તન મનસે ॥ અનંત ॥ ૨ ॥ પરી ગ્રહ ધાર્યો ॥ લોભ વધાર્યો ॥ મોહ માન ક્રોધનશે ॥ અનંત ॥ ૩ ॥ અંત નઆવે અનંત જિન કેતા ॥ કહો મંગળ કેમ બનસે અનંત ॥ ૪ ॥ કહત ટોકરશી પાતક ટલશી ॥ મંગળ પ્રભુ દરશનસે ॥ અનંત ॥ ૫ ॥

## વીન નવીનને બહુ સુખદાય એ રાહ.

શ્રી જિનરાજ સદા સુખ દાયક; સેવો ભવિ જન ભાવે ॥ દુખ દાલીદર દુર કરીને; આનંદ અતિ ઊપજાવે ॥ એવા શાંતિ નમુ શાંતિ પામી કર્મ દમું ॥૧॥ પાર ન પામે પ્રભુ ગુણ ગણતાં, ભણતાં સૌ જન હારે, કેવલી પણ જશ અંત ન આણે, એથી અધીક કોન જાણે, જે તુજથી રીજયો, તે કહો સેવે કુમખી જો, જે તુજથી॥૨॥ મંગળ કારી મુરત તારી, મંગળ કર બલીહારી, નીત નીત નમતા, તુજ ગુણ રમતાં, સમતા સુખ દેનારી, વારી જાઉ વીજુ કહે ટા। કરશી શાંતિ પ્રભૂ, વારી જાઉં વીજુ ॥ ૩ ॥

## દીલદારી કીનીરે.

કુમતા શું કીનીરે કુમતા શું કીનીરે તુંને ઓ આતમ, પ્રીતડીઅ નરકમેં પડીયાં, રજડીયાં, ભવડીયાં, નડરીયાં, પલ પલકુ નીજ ખ્વારી કિનીરે ॥ કુ ॥ ૧ ॥ તુજ અંદર રહી સમજ સમજ જો ॥ ગ્નાન ગમાઇ મુરખ તાઇ ॥ કુમતા કપટી, લપટી, મોહ બુરકીયાં દીનીરે ॥ કુમતા ॥ ૨ ॥ સમતાસેં અબ ધ્યાન લગા લે, સમય ન આવે ફીર ફીર એશો, મંગળ, જિનસે, મ ાસેં, કર ટોકરસી લીની રે ॥ કુમતા ॥ ૩ ॥

## જિનદાશ કૃત સ્તવનો

## ભૈરવી દાદરો

મેં જગાય હારીરે ॥ પીયા પ્યારા ન જાગેરે ॥ મેં ॥ એ ટેક ॥ મોહ નિંદ્રામેં તું ગિરધ ભયોરીરે ॥ બેરબેરકા કૈયે હો શિવવાશી॥ મેં ॥ ૧ ॥ કાળ અનાદી ગયો ન ભયો અભ્યાશીરે ॥ ખોયો ભવ

ભેયા હો કબ જગાશી ॥ મેં ॥ ૨ ॥ જૈન મંગળ ગાયે થઇને ઉ શીરે ॥ કહે જિનદાશ તોડ હો કર્મ ફાશી ॥ મેં ॥ ૩ ॥

## હીલ માલ રૂમ ઝુમ (દાંડીની રમત.)

હીલ મીલ સદ સદ ભાવો સખેર ॥ જગત જંજાલ દુર કર આત્મ પ્યારી મારી; હએ સમ તિવર સાસતી સુખધર દુર ગત દુર નિવારી સખેર ॥ હીલ ॥ ધેયકે ધ્યાનકું ધ્યાએ નિરાગકી; અ-મઠ દમક અજબ જાની ॥ વર ઇશ ગ્યાનકે બાગકે ફુલમેં; કહત મટત અગ્યાન અમાની ॥ કહે જિનદાશ અમૃત રશ પીના; મંગળ મંડલી નમત અદીના સખેર ॥

## રાગ આશાવરી.

કોઇ હાલ કહે જાકે; મે રે સ્વામી શ્રી મિંદરકું ॥ કોઇ એ ટેકા મેરી ખબર દે કોઇ ઉશી, ઔર લાવે ત.શ નીશાન ॥ તાંકુ હયામેં ધ્યાઊં જાન; એહી ધરૂં ધ્યાન, પાવું કબ ગ્યાન ॥ કોઇ ॥ ૧ ॥ કેવ લી પૂરવધર ગયે સબેં; નાહો અવધિ જ્ઞાન ॥ અબે કહાશે પાવું ગ્યાન; એહી હએ હાન, રહયા હેરાન ॥ કોઇ ॥ ૨ ॥ કહે જિનદાશ આ મંગળ મંડલી; ધ્યાવે તારો ધ્યાન ॥ તાથે હોવેગેં મેરબાન; દર્શનકો ધ્યાન, પાવે શિવ થાન ॥ કોઈ ॥ ૩ ॥

## અજી સાહેબ નતીજા એ રાહ.

હોજી સાહેબ અજીતા મીલ જાયગા ॥ જિન ધ્યાતા તુજે જિન મિલ જાએગા ॥ હોજી ॥ ટેક ॥ એકકે દર્શમેં શોશો સ્તવન કરૂં ॥

ઑાંતુનાથ અનુંપ ॥અજીતા ॥સાખી॥ અછી તરૈસુ ધ્યાઇએ; સ્વપર રૂપ સ્વરૂપ ॥ હેય ઊપાદિ વિચારતા, પ્રગટે નિજ ગુણ રૂપ॥ એહી અવસર ફેર ફેર ન આવે, ઑાંતુંનાથ અનુંપ ॥ અજીતા ॥ ૧ ॥ સાખી ॥ અનંતનાથ અજિતહે; જેણે જીત્યો મોહ રાય ॥ જિનદાસ સરણું લહી; મંગળ માલ ગહ હાય ॥ શહેર મુંબાએ અનંતનાથ પ્રભુ ॥ ઑાંતુંનાથ અનુંપ ॥ ॥ અજીતા ॥ ૨ ॥

## પાહુડો ભાવ ધરી ની રાહનો ફેરબો.

ધ્યાવો ભાવ ધરી; ધ્યાવો ભાવ ધરી ॥ આવે નહી મિથ્યાત્વ ફરી ॥ ધ્યાવો ॥ એ ટેક ॥ અનંતાનંત ગુણધર સાહેબ; મનથી ન દુર કરી ॥ અજપા જાપ જપો દ્રઢ મનથી; દુરગત દુર વરી ॥ ધ્યાવો ॥ ૧ ॥ તન ધન જોબન ક્ષિણ ક્ષિણ છીજે; યાપે આશ ધરી ॥ રત્ન ચિંતામણી નર ભવ હારી; પછતાવે અંત ઘડી ॥ ધ્યાવો ॥ ૨ ॥ મંગળ કારણ મંગળ મંડલી; મન વચકાયે કરી ॥ કહે જિનદાસ અનંત જિન પ્રણમી; શાંતે શાંતિ વરી ॥ ધ્યાવો ॥ ૩ ॥

## નારીં ગોરી ગોરી લાચેની રાહની ઠુમરી.

સેવો સેવો ભવી ભાવે સુમતિ જિનરે ॥ટેક॥ સુમતિ સેવે કુમતિ જાવે; પાવે પરમાનંદ ॥ સુમતિ સેવે સંપત આવે, જાવે દુઃખકા દંડ ॥ પાવે પાવે અધિક સુખ દિન દિનરે ॥ સેવો ॥ ૧ ॥ તન મનથી જો સુમતિ ધ્યાવે; ગાવે ગુણ ઉજમાલ પ્રહ ઊઠી પ્રભુ નામ સમરતા; જાવે સૌ જંજાલ ॥ ફરી નાવે જનમ જરા યાએ ફીનરે ॥ સેવો ॥ ૨ ॥ જૈન મંગળ મંડલી ગુણ ગાવે; મંગળ કર મહા-

રાજ ॥ કહે જિનદાશ પ્રભુ પદ ફરશી; કરશે આતમ કાજ ॥ તારે તારે ન તોએ કોએ જિન બિનરે ॥ સેવો ॥ ૩ ॥

## કાલ રાત્રી કોઠેહો તુમ્હી રમલા.

આજ આંગી બની નવરંગી॥ બની નવરંગી ॥બની॥ હો આજ ટેક ॥ સુંદર સુરત જિનજીની સોભે ॥ સેવ કરણુ મુજ મનડું લોભે ॥ દરિશન કરવા સુસંગી ॥ બની નવરંગી ॥ હો આજ ॥ ૧ ॥ જગ મગ જોત ચીહુ દીશી ચલકે ॥ ફુલ ગુલાબ સુગંધી મલકે ॥ જૈન મંગળ શિવ સંગી ॥ બની નવરંગી ॥ હો આજ ॥ ૨ ॥ તાલ મૃદંગ વજંતર વાજે ॥ સપ્ત સુરનસૂ પ્રભુ ગુણ ગાજે ॥ કહે જિનદાશ ઉમંગી બની નવરંગી ॥ હો આજ ॥ ૩ ॥

## ચરન કર ભલે માતા એ રાહ.

પ્રભૂ નામ લે, મોક્ષ બારી તો મલે ॥ ધર્મ પાપ દોનું હે સંગાત ॥ જો ધર્મ કરે શાંતિ મીલે, પાપશે પસ્તાય; પ્રભુ નામ લેતું ધ્યાન ગ્નાનમાં ભલે ॥ પ્રભુ ॥ ૧ ॥ કપટી કર્મ લગે હે જો લાર ॥ ઓ તુજકું પ્યાર, કરતે શાર, સમંજ તું ગમાર ॥ ઉનકુ ટાલ પામ પાર યાર ચેતલે ॥ પ્રભુ ॥ ૨ ॥ ચેત ચેતના કરી વિચાર અરે આ સંસાર છે અપાર ને અશારરે ॥ જૈન મંગળ મોળ હાથ ના ફરી મલેના પ્રભુ ॥ જિનદાશ કયું કરે જંજાલ ॥ જાએ કાલ, ભાઇ ન્યાલ નયન ખોલકે ॥ છોડ માન ખોલ કાન ધર્મ માનલે ॥ પ્રભૂ ॥

## ફીર ફીર ફીરતાર એ રાહ.

ધીર વીર મહા વીર; પ્યારા હએ, પ્યારા હએ, હમારા હએ મ-

હા વીર ॥ ટેક ॥ સેવેંગે હરદમ, દીલ લગાકે હમ, જાયગા ગમ, જાયગા ગમ; સબ દીલકા ગમ ॥ ધીર ॥ ૧ ॥ લેંગે તેરા નામ, હોએગા દીલકા કામ, હોએગા કામ, હોએગા કામ, પાવેગે આરામ ॥ ધીર ॥ ૨ ॥ કહેતાહે જિનદાશ, એ મંગળકી આશ, રખહયો પાશ, રખહયો પાશ, કર કર્મોકી નાશ ॥ ધીર ॥ ૩ ॥

## રાગ વસંત કાફી.

આત્મ આપ વિચારો ગ્યાનશેં ॥ પાપ ઘટેગે પ્રભુકે ધ્યાનસોટેકા દુઃખ દુર સુખ મીટે બિરખાસે ॥ તિમર મીટે જયું ઊગે ભાનસે ॥ આત ॥ ૧ ॥ રોગ મીટે જયું ઔષધ કીયેસે ॥ દેવું મીટે જયું દામ દીયેસે ॥ આતમ ॥ ૨ ॥ આગબુટ જે જયું જલકે યોગસે ॥ કલહ મીટે જયું મુકે માનસેં ॥ જિન મંગળ ગુરુ ગ્યાન ધ્યાનસેં ॥ પ્રગટે ગુણ જિનદાશ નમનસેં ॥ આતમ ॥ ૩ ॥

## મેં પથરસે છુટી એ રાહ, સાંખી.

જિનનાં નિર્મળ ધ્યાનમાં, તેના સદા સન્માનમાં ॥ સંત જને સહુ અર્પણ કીધું; કેવળ એહજ તાનમાં ॥ સમજયા તેહજ સાનમાં; આત્મા તણાં સદ શીનમાં ॥ ભેદ ટળયો ભવ બંધન છેદયું, તે જિન મંડલી પાનમાં ॥ ભલા હુવા જિન જોતકી પ્રગટી ॥ અગ બાદલી જગ ફુટી ॥ અગ ॥ ભવિઆ અગ ॥ જિન સાશનકી હે દીપમાને ॥ કર્મ જટા મોયે ત્રુટી ॥ કર્મ ॥ ભવિઆ કર્મ ॥

## કવિ રાયચંદ રવજી કૃત.

## એ એરંગી એ રાહ.

રે રે પ્રાણી; જાણી નકાં જિન વાણિ, માણિ મોજ શું અવર

આ ક્ષણુ, નહિ, સુખદાનિ મોહનિ ખાણિ ॥ રે રે ॥ ધ્યાને તું લાગ ત્યાગ વસ્તુ અનંગી, પળ પળ ચિંતન સ્વાતમ કરીને, સકળ સુખદ મણી ભકિત રશીલી, જયાં શાંતીછે સંગી ગાવત ધ્યાની॥ રેરે

## સુયાં કાહે પઇઆં તોડે એ રાહની ઠુમરી

ચરણે ચિંતું, શરણે શાંતિ વરણે જીવ્હા કેમ? ॥ ચરણે ॥ જિનને હ્રદય ધરી દ્રઢ કરી, ત્યાગી માયા મોહ ભરી, ત્યાગી માયા એજ શુભ નેમ ॥ ચરણે ॥ જિનમુદ્રા તારી ન્યારી, અહો મનહારી, પ્યારી, દિન દિન થઇ ગઇ એમ; જે આત્મા ધારી ભવની હારી; યોગીગુણુજનની, ના કેમ? નયન ઠરત જિનથી માન્યું ક્ષેમ ॥ ચ ।

## ઇરકી આરા કાતીલ બનકર, એ રાહ.

ભકિત ભાવે ભૂલીશ નહિ મન, આદિ જિન જપતાં ॥ ભવ ભવ ભૂલ્યો માયિક મતિકર, મોહ મોહ જપતાં ॥ ભકિત ॥ એકજ ધારા ધ્યાનદ ધર કર, શાંત થાશ સંપતાં, માયાછાયા ભ્રમક્રમ ફરિ ફરિ કર્મ કોટી ખપતાં ॥ ભકિત ॥ નહિ તન, નહિ મન, નહિ ધન, નહિ કંઇ, અન્ય પણુ, જિનવણુ, રક્ષક દ્રઢ કર, અહો નિશ ક્ષણુ, નહિ ખોતો પરમ, મનસુખી હિત કર; મુનિ જન ગુણિ જન, પળ પળ એજ ધર, ક્ષય કર, રજ સબ, મોક્ષ ગત સુખ કર; ભાવેથી જિન મંડળી વિચાર વધતાં ॥ ભક્તિ ॥

## સો ગ્યાની ઝુલી તુમારી એ રાહ.

આ વાણી પ્રભૂની વાણી; શાંત સુજાણી, હ્રદયે જ્ઞાની એમ જાણી, ભજે ભારે ગુણુ ગાનથી ધ્યાની ॥ આવાણી ॥ બહુ વિ ારી ઉરે

તારી ॥ જો નીરધારી નિત્ય ગુણકારી, અતિ ભક્તિ ધારી વારી જાયે અનંત આધારી ॥ આવાલી ॥ સમતાની શુણી કયારી; મોહ નિવારી, આત્મ વિચારી મુનીયે હૈયામાં ઊતારી, દેખ દેખ સુખ એ સુવિચારી ॥ આ ॥ કેવળ જે વિશ્વ વિગ્યાની પ્રભૂ ઊચારી ધન્ય અહોહો, અધિકા વચન શું જિભ આ કહેનારી ॥ આવાલી ॥ ૩ ॥ વસ્તુની ગત જો કોઈ ધારે, આતમ ઔષધ એહજ ત્યારે ॥ પાન સદાહ એ અમૃત મુજને જૈન મંડલી અવધારે ॥ આવાલી ॥ ૪ ॥

## સુલભ સમ્ઝરે ચલ જાઓ આબ એ રાહ.

સમર જિનરે, તુજ આત્મા ગુણ ઊંત્તમ લેશે ॥ પ્રભૂ છે કેવળ હિતકારી, દે ભક્તિ વિનયને વધારી; સુફળ તે દિનરે ॥ તુજ ॥ટેક॥ સાખી ॥ ચરણ કમળમાં ચિત્ત કર; પરમ લાવીને પ્રેમ ॥ ભક્તિ ભાવેં દ્રઢ રહેવાથી; પામે યોગિક ક્ષેમ ॥ સમર ॥ મનરાખ અખંડ લગાઇ ॥ જયાં સકળ ગુણગણ છાંઇ ॥ કેવળ જળ મીનરે ॥ તુજ ॥ ૨ ॥ સાખી ॥ જિન મંડલ ક્ષાણીક સકળથી; માનો આત્મા ભિન્ન ॥ માત્ર સમજની ભૂલથી, માયામાં મન લીન ॥ સમર ॥ ૩ ॥

## આજી બહુ દુઃખ દયે મને એ રાહ.

શિક્ષા બહુ સૂખદ સાંપડી; આજથી મને; ભણી જે પ્રભુ જીને શાંતિ કરી સુસંતને ॥ શિક્ષા ॥ એ ટેક ॥ રાગ દ્વેષ મોહ રૂપી, ગ્રંથી ટળી આજ આજ આજ આજ ॥ કેવળ પ્રભૂ ઉદાર, ભૂલુ ન ઉપકાર, ગુણ એ અપાર, આત્મા ધાર ॥ અહો અહો મુજ હ્રદય ॥ હર્ષ થયો કેમ, કહું રહયો એ વિચાર ॥ બહું ન તેહપાર ॥ પળ પળ આ આત્માય ॥ અતિ અતિ અકળાય ॥ મલિયો મહા

ઉપાયરે; આનંદ એહ થાય ॥ અહો અહો જિનરાય; જિન મંડલે ચવાય ॥ પ્રેમે ખોલે તેને શીશ; હોજો આશદાય ॥ શિક્ષા ॥

## અરીતાત તું થઇને અરે એ રાહ.

પ્રભુ પાર્શ્વજી ભજીએ સદા; નિજ રૂપ તું નંલાવે કાં ॥ ટેક ॥ તીવ્ર મોહસે કાં ગયો ચુકી; મન ભ્રમથી જીવ ભૂલાવે કાં ॥ પ્રભૂ ॥ વિચાર ફરિ ફરિ હિત ગણી; દેખી આમન્યા મહા એહ તણી ॥ તારા શુધ્ધ સ્વરૂપે લગાવ ધુણી; આશા તન સોહી મન પાવે કાં ॥ પ્રભૂ ॥ લઘુતાઇ ધરીને સંચરે; તેના પાયોમા નીજ શીશ ધરે આનંદથી જિનના ઘરે; જવા શીઘ્ર જોગ ન નિત્યકાં ॥ પ્રભૂ ॥ આદેય ગુણ ગણના વધે; અતિ આદરે પુજયતા બધે ॥ અહો નિત્ય જે કરૂણા નીધે; એવા ભજ પ્રભુને. વિચારકાં, ॥ પ્રભુ ॥ એથી સૃષ્ટિ પાવન થાયછે; સાચો ધર્મ વળી પ્રગટાય છે ॥ એમ જૈન મંગળ માયછે; એ સાર સૌથી તજાય કાં? ॥ પ્રભુ ॥

## ત્રિભંગી વૃત

દ્રઢ વૃત વૈરાગા; નિસ્પહ ત્યાગા; જપ તપ યાગા; યોગ બને ॥
અભિમાન અજાગા; ગ્નાન સુજાગા; ગત ભવ રાગા; આતમને ॥
હે જિન વિતરાગા; પરમ સુભાગા; હો અનુરાગા; શ્રી ચરણે ॥
સત સમરણ લાગા; જીવન જાગા; પાવન પાગા, ધ્યાવું મને ॥

## મુજે નાદાન તુ અએ જાન નજાન એ રાહ.

ભલા આત્માન, તું માન હવે માન; ધ્યા ધ્યા પ્રભૂ ધ્યાન પ્રભુ ધ્યાન ॥ ભલા ॥ ટેક ॥ કેમ પશે અવસાન, આણુ અરે ઉરે ગ્નાન

॥આશાએ આવી અહીં, અરે ભવે ભમે કાં? ॥ તું કાં તું કાં ભૂલે તું કાં નિશ્ચે જવું છે તને ત્યાં ॥ હવે જ્ઞાન લે ધ્યાન, શ્રી માન ભગવાન પહિચાન પહિચાન ॥ ભલા ॥

## યા રબ હાલ ખુલ જાવે એ રાહ.

રે મન માન સદ ભાવે ॥ આણુ હિયે તું અહો ઉદાસી ॥ રાખે ચિતિ હવે ઠામ, વલી કામથી ॥ ભજ ભજ ભજ પ્રભૂ પાર્શ્વ જિન પાર્શ્વ જિના॥ માન ॥ મોહિની મમતા કેમ ક્ષણુ સુખમાં ॥ મૂઢ પણે જશે અતિ દુઃખમાં ॥ ત્યાગ હવે ભવિ તન મન મમતા ॥ અતિ ધન જિન નમ, હરદમ મંગળ તુમ ॥ માન ॥

## આ દેવી તારે દરબાર એ રાહ.

હું આવ્યો, તારે દ્વાર, જોગિ જયકાર ॥ કમઠ દલન પારશ દેવા ॥ મુદ્રા નિરખીં ચકિત ચિત્ત, ઉગી ત્યાં પરમ ભકિતને સેવા ॥ હું આ ॥ હરખી હૃદય શ્રીપદ વંદન, ધન્ય ધન્ય ભગવાન, મુજ દિલ નયન અંજાએ, એ દશા તારી અનન્ય એક લક્ષી મારી, વિનય ભકત જિન મંડલી આ ગાએ ॥ હું આવ્યો ॥

## વણઝારાની રાહ.

પ્રભૂ પાર્શ્વ જિનેશ્વર પ્યારા; મુજ આતમના આધારા ॥ ટેક ॥ આ મનુષ્ય દેહ મેં ધારી; કીધા કર્મ અતિ મેં ભારી રે ॥ કર્યાં અહો નિશ વિચારા ॥ મુજ ॥ ૧ ॥ ભટકયો હું ભવો ભવ માંહે લીધા જન્મ કયાંહાને કયાંહા હેરે । ફર્યો દુઃખી બહુ સંસારા ॥ મુજ ॥ ૨ ॥ છે ક્ષણિક ખલક આ આજી; સુખ સ્વપ્નાથી થયો

રાજીરે ॥ નહિં મુજ મન વિચારા ॥ મુજ ॥ ૩ ॥ પૂર્વ પુન્યેં જિન ધર્મ પામ્યો; જેથી સકળ દુઃખ કું નામ્યોરે ॥ પ્રભુ જૈન મંગળ સુખકારા ॥ મુજ ॥

## મહારાજ મુનીએ કાહુની એ રાહ.

અરે પદમ પ્રભુ મુજ સ્વામી; તમેછો જગ અંતર જામી ॥ તારી જોતી બહુ જળકારી; મસ્તકે મુગુટ સોભેછે ભારી ॥ તુજ ચક્ષુ અતિ રળી આળી; અતિ આનંદ ઉપજે નિહાળી ॥ બેઉ અધુર દીશે બહુ લાલ; જાણે ફુલ ગુલાબી ગાલ ॥ કાને કુંડલ બેઉ બિરાજે; નિરખી મંગળ મંડલી ગાજે ॥

## બાહે બહારી આકે પુકારી એરાહ

અનંત પ્રભૂકી મોહન ગારી સેવા તુમારી પ્યારીહે ॥ આજકી આંગી બની બહુસારી સોભા આજકીં ન્યારીહે ॥ શ્રી જૈન મંગળ ગાયન મંડલી સેવા તુમારી ધારીહે ॥ ચુન ચુન કલીઆં લાલ ગુલ છડીઆં ચંપા ચંપેલી પ્યારીહે ॥ મોલ મોગરા ગુલાબ સેવતી ઘરક પેચ જુ જાઇહે ॥ ગુલ દાવદી માલા માલતી કેતકી સોભા સારીહે ॥

## આતીહુ ઓર નાચ શદા કામહે મેરા એ રાહ.

જયો જયો પવિત્ર જૈન ધર્મ જગ એક ॥ જયાં થઇ ગયા પવિત્ર સુરિયો અનેક ॥ ટેક ॥ ગ્નાનના નિધાન, હેમ સુરિ જમ જાણુ ॥ કુમર રાય ભુજવી પળાવિ જિન આણુ ॥ જયો ॥ શ્રી અંદચળ ગચ્છ પતિ, આર્ય રક્ષ સુરિ ॥ ગ્નાન કીયા પાળી વિઘ્ન બહુજ કર્યા રા ॥જયો ॥ એહવા મહાન, વંશ મારહેલ આજ ॥ શ્રી વિવેકસાગર સુરિ

બિરાજે મહારાજ ॥ જયો રૂપથી સુરૂપ અરૂ ક્ષામા ગુણુ ધામ ॥ ભક્ત અપના નમે સ્વભકિતથી તમામ ॥ જયો ॥ પ્રેમથી સ્તુતિ તમારી ગાય મંડલી ॥ બુજવો અમો અજાણુને વલી વલી ॥જયો॥

## ખુશ રહો ખુશ રહોજાઓ એ શાહ.

તુંહી ગુરૂ તુંહી ગુરૂ પ્યારે ॥ ટેક ॥ ચાર નિવારે પંચ સંભારે ॥ ગુણુ છત્રીસ મનોહારે ॥ તુંહી ॥ આર્ય રક્ષા અક્ષાય પદ દાતા ॥ આર્ય ધર્મ દીપાયે ॥ મ્હાકાલી વચને ગચ્છ સ્થાપી ॥ શિ મંદિર ગુન ધ્યાયે ॥ વાદ વિવાદ હરાએ ॥ તુંહી ॥ ૧ ॥ વિધિ પક્ષ અચલ હોય નામ ॥ પાટ સત્યાવી લહાયે ॥ ધ્યાવે રત્ન ત્રય વિવેકે ॥ મંગળ મંડલ ભાયે ॥ જિનદાશ ગુન ગાયે ॥ તુંહી ॥ ૨ ॥

## મોહુ ચકતાઇ હરકી ધ્યાનમે પડી એ શાહ.

મારો દિલ લાગ્યો જિનકે ધ્યાનમે સદા ॥ ટેક ॥ વો ભોહોલા ભોહોલા વાલ્હા, એકલા દિલે ધાલા, મુજે લગાહે પ્યારા ત્રાતા ॥ મારો ॥ ખાલી દિલ રમન રમન દિલ ખાલી, કયા તાલી કયા રમન રહો॥ જિન બિન મન બદન બદન ખીન ત્યાં કયાં જાન રહે કયા બદન રહે ॥ મારો ॥ ૧ ॥ અબ મન લીન પરમ ધરમ લીન, અબ મન કયા ખન રહે ॥ કદાપિ ન દુલન દુલન જિન ધ્યાને કયા દુલ્હા કયા દુલન રહે ॥ મારો ॥ ૨ ॥

## હુએ અરસર ખરતરસરવર એ શાહ.

હે અક્ષાર નરવર જિનવર તુજકો ધ્યાન કરૂં આનંદે ॥ ટેક ॥ કે વંદું વંદું તરતર સરપર તારે દો પય સાર ॥ છોડી સઘળી અર-

બડ સરબડ તોડી શોર પુકાર ॥ નાહક અબ તક સબગમ દોડે બને હુએ બેકાર ॥ આપકી સેવા પૂરતી કરી કછુ ન લગાર ॥ હે ॥ ૧ ॥ બચાવો મુઝે અબ જિન કર ધર મેતો હું બેભાન ॥ જિમ તિમ ચ ર્ચર તુજ પદ અબ સર કરતા હુ મે ધ્યાન ॥ પકડો જટપટ સેવકકુ યહાં કુછ ન કરો લંબાન ॥ જાતે હે હમ ધશ દમ દુમ નમ રવિ દે વાત્મજ નામ ॥ ૨ ॥

## સ્વારી કરી ચાલાક અસ્વપર એ રાહ.

અજિતે સ્વારી કરી કર્મ પર; ખુબ મચાવી થનનનનન ॥ કર્મ અરિ શાથ બાથ લડીને; ધરતિ ધુજાવી ધનનનનન ॥ ૧ ॥ સમતા ધારિ બાણુ ચલાયા; શત્રૂ છાતી પર છનનનનન ॥ મોહ મહારિ હણ્યો કરી કટકા; સમકિત બળે ખનનનનન ॥ ૨ ॥ એ વખતે ઇં દ્રો આવીને; કરે મોહત્સવ તનનનનન ॥ દેવ દુંદભી વાજિત્ર વાજે; શબ્દ ઊઠે ત્યા ઝનનનનન ॥ ૩ ॥ દેઇ દેશના માનવીઓને; મોક્ષે પધાર્યા સનનનનન ॥ મંગળ મંડલી કરે વિનતી; હાથ જોડીને ધન મનનનનન ॥ ૪ ॥

## જાનકી અમન પ્યારે એરાહની ઠુમરી.

મુજકું તું છોડ પ્યારે; જાઓરે હો નેમ હમારે ॥ અરે હાં હાં નેમ હમારે; તુમ શામલીઆરે ॥ મુજકું ॥ ટેક ॥ આઠ ભવ શંગ હમારે; નવમેં ભવ છોડી હો મેં વારી નવમેં ભવ છોડી ॥ એકેલે સંજમ લહી હો ભલા નેમ હમારે ॥ મુજકું ॥ સાખી ॥ સમુદ્ર વિજય કુલ ચંદલોરે; શિવા દેવીનંદ ॥ હમકું છોડકર ગયોરે; દિક્ષા લીની વંદ ॥ મુજકું ॥ ૨ ॥ સાખી ॥ કર્મ ખપાકે મુકિત શિધાએ ભઇ દોનુકી જોડ ॥ જિન મંગળ ગુણુ ગાવતારે; પુરો મનકી કોડ ॥ મુજકું ॥ ૩ ॥

## શોરઠ ગઝલ

ઓ જો આઠ ભવસે સંબંધથા; તુમે યાદ હોકે ન યાદહો ॥ ટેક ॥ ઓહી વાયદા તુમસે ના નીબા; તુમે યાદ હોકે ન યાદહો ॥ ૧ ॥ કયું ખફા હુવે મુઝસે એ સખ્ખ; નહિં કુછ ગુના મેન કિયા ॥ મેંતો દિલસે હુકમ ગુજારતી; તુમે યાદ હોકે ન યાદહો ॥ ઓજો ॥ ૨ ॥ હુવે એસે મુકિતકે આશના; હમે શાફ દિલશે ભુલા દીયા ॥ મેંને લીયા સંજમ આપસે; તુમને દીયા મેહરબાનહો ॥ ઓ જો ॥ ૨ ॥ જિન મંગળ ગુન ગાયકે; અરજ કરે કર જોડકે ॥ હમકો ભવશે પાર ઉતારકે: હમે આપકે સંગ લીજીએ ॥ ઓ જો ॥ ૩ ॥

## ચંદર મુખ સુંદર એ રાહ.

સુંદર મુખ ચંદર જિન નિરખ્યા આજમેં ॥ દરશ તોરો સરશ હરખ પાયો આજમેં ॥ મુરતિ સુરતી શોભતી તારી નિરખાં આજમે કષ્ટ અષ્ટ કર્મનાજ વાગ્યા આજમેં ॥ જિનરાજ, સુખ સાજ, ભેટયા આજ, સર્યા કાજ ॥ મંગળ આપ કેશવ ગાય, દાસ તોરો મેં ॥સુંદા૧ ॥

---

દીલ મીલકે સબ મંગળ મંડલી જિન દર્શનકું જાય ॥ ટેક ॥ દર્શન કરતે ભકિત આદરતે, ઓછવ રંગ મચાએ ॥ કરકરધિના કરકરધિના કરકરધિના ધિના ધિના ॥ નાચે કુદે રંગ મચાએ ધીનકટ ધીનકટ ધિના ॥ દીલ મીલકે સબ ખુશી મનાએ ચંગ બજાકે ગાયે ॥ તતા થઇ થઇ નાચે સારે, ઢમ ઢમ ઢોલ બજાએ છમછમ છમછમ ધુંગરૂ ગાજે ભેં ભેં ભુગળ બાજે, ઝમ ઝમ ઝમ ઝમ ઝાઝડ ઝમકે, કેશવકે દીલ ભાયે ॥ દીલ ॥

**સમાપ્ત.**

# આગાઊઓ ગ્રાહક તરીકે આશ્રય આપનારા સદગ્રહસ્થોનાં નામ

૩૧ શેઠ ડુંગરશી ભીમજી ...
૨૫ ,, ભીમશી રતનશી ...
૨૫ ,, નરશી કેશવજી ...
૨૫ ,, વીશનજી ત્રીકમજી...
૨૫ ,, જેઠાભાઇ વરધમાન...
૨૫ ,, દેવજી મેગજી... ...
૨૫ ,, ટોકરશી શામજી ...
૨૫ ,, કાનજી તેજપાર ...
૨૫ ,, હીરજી દશરાજ ...
૨૦ ,, લખમીચંદ માણુકચંદ
૧૫ ,, શામજી મુરજી ...
૧૫ ,, દામજી હીરજી ...
૧૫ ,, દામજી મેગજી ...
૧૫ ,, આપશી પરબત ...
૧૧ ,, કાનજી મણશી ...
૧૦ ,, જેઠા આણંદજી ...
૧૦ ,, ખીમજી તેજપાર ...
૧૦ ,, માદણ ભીમજી ...
૧૦ ,, નરશી વીરજી ...
૧૦ ,, ઠાકરશી જેઠા ...
૧૦ ,, આણંદજી કુરપાર ...
૧૦ ,, દેવજી પુનશી ...
૫ ,, ઊમરશી નાગશી ...
૫ , કાનજી પરબત ...
૫ ,, દામજી શામજી ...
૫ શેઠ દામજી રામજી ...
૫ ,, વરધમાન ગોવંદજી ...
૫ ,, માણુકચંદ નાગશી...
૫ ,, લખમશી દેવશી ...
૫ ,, વેલજી હીરજી ...
૫ ,, ગોવંધજી લધા ...
૫ ,, હીરજી વીરઘોર ...
૫ ,, માડણભાઇ લધા ...
૫ ,, દામજી ખીમજી ...
૫ ,, શામજી ગોવંધજી ...
૫ ,, જેઠા માલશી ...
૫ ,, તેજપાર ખેતશી ...
૫ ,, ગોવંદજી વેલજી ...
૫ ,, પૂજા દેવજી ...
૫ ,, ભારમલ પુનશી ...
૫ ,, લાલજી ઠાકરશી ...
૫ ,, શામજી મણશી ...
૫ ,, ધારશી દેવજી ...
૫ ,, બીમશી લાલજી ...
૫ ,. વેરશી રામજી ...
૫ ,, કરમશી કેશવજી ...
૫ ,, લાલજી પરશોત્તમ ...
૫ ,, કેશવજી ચત્રભોજ ...
૫ ,, લધા લાલજી કેશવ...
૫ ,, પૂનશી વીરઘોર ...

૫ શેઠ પાશુ દેવજી ...
૫ ,, ખીમજી માલશી ...
૫ ,, ધોભણુ આશપાર ...
૫ ,, મુરજી ખીમજી ...
૫ ,, ધનજી.લીલાધર ...
૫ ,, ઊમરશી દેવજી ...
૫ ,, લધા પેથરાજ ...
૪ ,, હાકરશી વેરશી ...
૪ ,, શવશી કેશવ ...
૪ ,, હીરજી શોજપાર ...
૪ ,, જેઠા મેગજી ...
૪ ,, વશનજી ધેલા ...

૪ શેઠ દેવજી નરપાર ...
૪ ,, ગોવંધજી શોજપાર...
૪ ,, ઓભાઇઆ પાશુ ...
૪ ,, જેવત ડોશા ...
૪ ,, નેમચંદ વશનજી ...
૨ ,, ખીમજી ભારમલ ...
૨ ,, નરશંગ દેવશી ...
૨ ,, દેવજી પરબત મંજલ
૧૦ ,, દેવજી ચતુ... ...
૨ ,, પાશુ ત્રીકમજી ...

૬૨૫

આ પુસ્તક માટે સ્તવનો બનાવી આપનાર તથા અગાઉથી આશ્રય આપનાર સદગ્રહસ્થોનો આ મંડળી આભાર માનેછે.

સર્વ હક સ્વાધીન રાખ્યોછે.